# પૂરક નોંધઃ-

ગુજરાત સરકારની ખેલકૂદ નીતિને ઉત્તેજન આપી તેની પ્રવૃતિઓના વિકાસ કરવા તેમજ ખેલકૂદ પ્રવૃતિઓને પ્રોત્સાહન આપી માળખાકીય સુવિધાઓમાં સતત સુધારા કરવાના આયોજનના ભાગરૂપે તમામ જિલ્લા કક્ષાએ આધુનિક રમતગમત સંકુલોના વિકાસના કાર્યક્રમ હાથ ધરીને રાજ્ય સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ દ્વારા નિરંતર ઉચ્ચ કક્ષાની સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે આ આયોજનના ભાગરૂપે દાહોદ જિલ્લામાં દેવગઢબારિયા ખાતે જિલ્લા રમત સંકુલનું નિર્માણ કરવામાં આવેલ છે.

દાહોદ જિલ્લામાં દેવગઢબારિયા ખાતે રમત સંકુલના નિર્માણથી જિલ્લામાં ઉભરતા પ્રતિભાવંત ખેલાડીઓને રાષ્ટ્રીય કક્ષાએ પ્રતિભા બતાવવા ઉચ્ચ કક્ષાની વૈજ્ઞાનિક ઢબે તાલીમ મળી શકશે અને ખેલ પ્રતિભાઓથી ગુજરાતનું નામ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં પણ મોખરે રહેશે.

દાહોદ જિલ્લા રમત સંકુલના નિર્માણ માટે સરકારશ્રી દ્વારા ૧૦ એકર જમીન દેવગઢબારિયા મુકામે ફાળવવામાં આવેલ છે. જેમાં નીચે મુજબની સુવિધાઓ કાર્યરત છે.

૧. લોન ટેનીસ કોર્ટ – ૧ (એક),

૨. બાસ્કેટ બોલ કોર્ટ – ૧ (એક).

૩. વોલીબોલ કોર્ટ – ૧ (એક).

૪. એસ્ટ્રો ટર્ફ હોકી ગ્રાઉન્ડ – ૧ (એક).

૫. આર્ચરી (૨૫ મી. X ૧૦૦ મી.) – ૧ (એક)

૬. સ્વીમીંગ પુલ (૨૫ મી. X ૫૦ મી.) – (એક).

૭. ફૂટબોલ ગ્રાઉન્ડ – ૧ (એક)

૮. ૪૦૦ મી. સિન્થેટીક એથ્લેટિક ટ્રેક – ૧ (એક)

૯. જુડો હોલ – ૧ (એક)

૧૦. તથા મલ્ટીપર્પઝ હોલમાં નીચે મુજબની રમતના મેદાનો આવેલ છે:

(૧) જુડો (૨) રેસલિંગ (૩) યોગા (૪) કરાટે (૫) ટેબલટેનીસ (૬) વોલીબોલ(૭) બાસ્કેટબોલ અને (૮) ચેસ.

રમત સંકુલમાં તાલુકા કક્ષા, જિલ્લા કક્ષાની SGFI ની સ્પર્ધાઓનું આયોજન તથા રાજ્યની તાલુકા કક્ષા, જિલ્લા કક્ષાની ખેલમહાકુંભની સ્પર્ધાઓનું આયોજન થાય છે.

વર્ષ ૨૦૨૨માં અં-૨૦ કુસ્તી સ્ટેટ ચેમ્પિયનશિપ ભાઈઓ બહેનોનું આયોજન તા.૦૭/૦૧/૨૦૨૩ થી તા.૦૮/૦૧/૨૦૨૩ દરમિયાન રમત સંકુલ દેવગઢબારિયા ખાતે એસોસિએશન દ્વારા કરવામાં આવેલ. જેમાં કુલ ૬૦ બહેનો અને ૧૪૧ જેટલા ભાઈઓ દ્વારા ભાગ લીધેલ છે. જેમાંથી ૧૦ બહેનો અને ૨૦ ભાઈઓની પસંદગી નેશનલ કક્ષાની સ્પર્ધા માટે થયેલ છે.

તા.૦૨/૦૩/૨૦૨૩ થી તા.૦૪/૦૩/૨૦૨૩સુધી રમત સંકુલ દેવગઢબારિયા ખાતે કુસ્તી જુડો સ્વિમિંગ અને હોકી રમતના ખેલાડીઓ માટેનું પ્રુવન્ટ ટેલેન્ટ કસોટીનું આયોજન કરવામાં આવેલ જેમાં કુલ ૧૨૩૭ જેટલા ખેલાડીઓએ ભાગ લીધેલ છે.

ચાલુ વર્ષ ૨૦૨૩-૨૪માં તા.૦૧/૦૫/૨૦૨૩ થી તા.૧૦/૦૫/૨૦૨૩ દરમિયાન તાલુકા કક્ષા અને જિલ્લા કક્ષા સમર કોચિંગ કેમ્પનું આયોજન કરેલ. જેમાં દાહોદ જિલ્લામાં દરેક તાલુકા કક્ષાએ ૧૨૦ જેટલા તેમજ જિલ્લા કક્ષાની ૮ રમતોમાં કુલ ૬૦૦ જેટલા ખેલાડીઓએ ઘનિષ્ઠ તાલીમ લીધેલ છે તથા તા.૧૧/૦૫/૨૦૨૩ થી તા.૩૧/૦૫/૨૦૨૩ દરમિયાન રાજ્યકક્ષા સમર કોચિંગ કેમ્પનું આયોજન કરવામાં આવેલ જેમાં કુસ્તી તથા હોકી રમતનું પણ આયોજન કરેલ અને કુલ ૧૮૧ જેટલા ખેલાડીઓએ આ નિવાસી કેમ્પમાં તાલીમ લીધેલ છે.

ચાલુ વર્ષે તા.૨૪/૦૫/૨૦૨૩ થી તા.૦૩/૦૬/૨૦૨૩ દરમિયાન અં-૧૯ ભાઈઓ/બહેનો SGFI અંતર્ગત પ્રી.નેશનલ કોચિંગ કેમ્પનું આયોજન કરવામાં આવેલ. જેમાં કુસ્તી રમતમાં ૧૯ અને હોકી રમતમાં ૧૮ જેટલા ખેલાડીઓએ ભાગ લીધેલ છે.

ચાલુ વર્ષે ૨૦૨૩-૨૪ માં ૨૯ મી જવાહરલાલ નહેરુ હોકી બહેનો અં-૧૭ રાજ્યકક્ષાની સ્પર્ધાનું આયોજન તા.૧૧/૦૯/૨૦૨૩ થી તા.૧૩/૦૯/૨૦૨૩ દરમિયાન કરવામાં આવેલ. જેમાં ૩૬૧ જેટલા ખેલાડીઓએ ભાગ લીધેલ છે.

ચાલુ વર્ષે રમત સંકુલ દેવગઢબારિયા ખાતે SGFI અંતર્ગત તાલુકા કક્ષા અને જિલ્લા કક્ષાની વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવેલ છે.

હાલમાં તારીખ તા.૦૬/૦૧/૨૦૨૪ થી તા.૦૭/૦૧/૨૦૨૪ દરમિયાન અં-૧૫ કુસ્તી રાજ્યકક્ષા ચેમ્પિયનશિપનું આયોજન એસોસિએશન દ્વારા કરવામાં આવેલ. જેમાં કુલ ૨૦૮ જેટલા ભાઈઓ બહેનો ખેલાડીઓએ ભાગ લીધેલ અને ઘનિષ્ઠ તાલીમ મેળવેલ છે.

જે અન્વયે છેલ્લા બે વર્ષમાં આ રમત સંકુલ પાછળ રૂ.૧૧૦.૦૦ લાખનો ખર્ચ થયેલ છે.

**(૧) દાહોદ જિલ્લામાં યોજનાનો લાભ લેતા ખેલાડીઓની સંખ્યા અને સિદ્ધિઓની માહિતી:-**

- દાહોદ જિલ્લામાં ઇનસ્કુલ યોજના હેઠળ કુલ ૯ શાળાઓ કાર્યરત છે જેમાં કુલ ૪૭૩૯ ખેલાડીઓ ઇનસ્કુલ યોજનાનો લાભ લઈ રહ્યા છે.
- દાહોદ જિલ્લામાં ડી.એલ.એસ.એસ. યોજના હેઠળ દેવગઢ બારીઆ ખાતે શ્રી એસ.આર. હાઇસ્કૂલ શાળામાં કુલ ૬ રમતમાં ૨૬૦ ખેલાડીઓ ડી.એલ.એસ. એસ. યોજનાનો લાભ લઈ રહ્યા છે.
- દાહોદ જિલ્લામાં સ્વામી વિવેકાનંદ પ્રતિભા સંવર્ધક કેન્દ્ર (સેન્ટર ઓફ એકસલન્સ) યોજના હેઠળ રાજ્યકક્ષાની નિવાસી એકેડમીમાં હોકી અને એથ્લેટિક્સ રમતમાં કુલ ૭૬ અને સ્વામી વિવેકાનંદ બિન-નિવાસી પ્રતિભા સંવર્ધન કેન્દ્રમાં ૪ ખેલાડીઓ આમ કુલ ૮૦ ખેલાડીઓ યોજનાનો લાભ લઈ રહ્યા છે.
- ઇનસ્કુલ, ડી.એલ.એસ.એસ. અને સ્વામી વિવેકાનંદ પ્રતિભા સંવર્ધક કેન્દ્ર (સેન્ટર ઓફ એકસલન્સ) આમ ત્રણેય યોજનામાં કુલ ૫૦૭૯ ખેલાડીઓ લાભ લઈ રહ્યા છે.
- દાહોદ જિલ્લામાં ઇનસ્કુલ, ડી.એલ.એસ.એસ. અને સ્વામી વિવેકાનંદ પ્રતિભા સંવર્ધક કેન્દ્ર (સેન્ટર ઓફ એકસલન્સ)માં લાભ મેળવતા ખેલાડીઓએ **છેલ્લા બે વર્ષમાં રાજ્યકક્ષાએ ૫૫ ગોલ્ડ, ૩૩ સિલ્વર અને ૩૯ બ્રોન્ઝ મળીને કુલ ૧૨૭ મેડલ મેળવેલ છે.**
- દાહોદ જિલ્લામાં ઇનસ્કુલ, ડી.એલ.એસ.એસ. અને સ્વામી વિવેકાનંદ પ્રતિભા સંવર્ધક કેન્દ્ર (સેન્ટર ઓફ એકસલન્સ)માં લાભ મેળવતા ખેલાડીઓએ **છેલ્લા બે વર્ષમાં રાષ્ટ્રકક્ષાએ ૧૮ ગોલ્ડ, ૧૫ સિલ્વર અને ૨૪ બ્રોન્ઝ મળીને કુલ ૫૭ મેડલ મેળવેલ છે.**

- આંતરરાષ્ટ્રીય કક્ષાએ ૨૦૨૨માં કોહમા, નાગાલેંડ ખાતે યોજાયેલ "સાઉથ એશિયન ઇન્ટરનેશનલ ક્રોસ કન્ટ્રી(અન્ડર-૨૦)" સ્પર્ધામાં સ્વામી વિવેકાનંદ પ્રતિભા સંવર્ધક કેન્દ્ર (સેન્ટર ઓફ એકસલન્સ)ની ખેલાડી દ્રષ્ટિ ચૌધરીએ ૦૧ (એક) ગોલ્ડ મેડલ મેળવેલ છે.

**(૨) બાળકોને શાળા કક્ષાએથી રમતગમતની તાલીમ મળી રહે તે માટેની ઇનસ્કુલ યોજનાની વિગતવાર માહિતી:-**

- બાળકોને શાળા કક્ષાએથી રમતગમતની તાલીમ મળે તે માટે રાજ્ય સરકાર દ્વારા ઇનસ્કુલ યોજના વર્ષ ૨૦૧૪-૧૫ થી શરૂ કરવામાં આવેલ છે.
- આ યોજના હેઠળ રાજયના જિલ્લામાં ૨૩૧ ઇનસ્કુલ શાળાઓ કાર્યરત છે.
- રાજય સરકાર દ્વારા અમલી ઇનસ્કુલ યોજના અંતર્ગત ૨૧ રમતોનો સમાવેશ કરવામાં આવેલ છે.
- હાલ ઇનસ્કુલ યોજના અંતર્ગત ૧,૨૦,૯૬૦ ખેલાડીઓ આ યોજનાનો લાભ મેળવી રહેલ છે.

**યોજના દ્વારા શાળાને મળતા લાભો :-**

- સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા શાળાને મહત્તમ ૨ (બે) રમતના ટ્રેનર વિનામૂલ્યે તાલીમ
- નોન-કન્ઝ્યુમેબલ સાધનો અને ફીઝીકલ એજ્યુકેશનને લગતા સાધનો આપવામાં આવે છે.
- વિદ્યાર્થીઓને ઘનિષ્ઠ તાલીમ
- શાળામાં રમતને લગતો અભ્યાસક્રમ
- ઇનસ્કુલ યોજનામાંથી ટેલેન્ટ આઇડેન્ટીફીકેશન કરી ડી.એલ.એસ.એસ. યોજનામાં પ્રવેશ આપવામાં આવે છે.

**(૩) જિલ્લા કક્ષા સ્પોર્ટ્સ સ્કુલ – શિક્ષણ સાથે રમતના સમન્વય ધરાવતી નિવાસી યોજનાની વિગતવાર માહિતી:-**

- શિક્ષણ સાથે રમતના સમન્વય ધરાવતી નિવાસી ખેલાડીઓ માટેની યોજના ''જિલ્લા કક્ષા સ્પોર્ટસ સ્કુલ'' વર્ષ ૨૦૧૪-૧૫થી શરૂ કરવામાં આવેલ છે.

- આ યોજના અંતર્ગત ખેલાડીઓને શિક્ષણની સાથે રમતની તાલીમ આપવામાં આવે છે.
- શિક્ષણ ફી, હોસ્ટેલ ફી, ભોજન ખર્ચ, સ્ટાઇપેન્ડ, સ્પોર્ટસ કીટ, રમતના સાધનો તથા નિષ્ણાંત કોચ દ્વારા તાલીમ વિગેરે ખર્ચ મળી ખેલાડી દીઠ વાર્ષિક રૂ.૧.૬૮ લાખ જેટલો ખર્ચ જિલ્લા કક્ષા સ્પોર્ટસ સ્કુલ યોજના હેઠળ સરકારશ્રી દ્વારા કરવામાં આવે છે.
- આ યોજના હેઠળ હાલ ૩૦ જિલ્લાઓમાં ૪૦ ડી.એલ.એસ.એસ. શાળાઓ કાર્યરત છે. જેમાં ૪૮૫૧ ખેલાડીઓ આ યોજનાનો લાભ લઇ રહેલ છે.
- આ યોજનાનો લાભ મેળવી રહેલ ખેલાડીઓ દ્વારા નીચે મુજબ રાષ્ટ્રીય કક્ષાએ સિદ્ધિઓ હાંસલ કરેલ છે.

| વર્ષ | ગોલ્ડ | સિલ્વર | બ્રોન્ઝ | કુલ |
|---|---|---|---|---|
| ૨૦૨૨–૨૩ | ૩૩ | ૩૬ | ૪૮ | ૧૧૭ |
| ૨૦૨૩–૨૪ | ૧૨ | ૧૮ | ૩૪ | ૬૪ |